# ડેમાઈના ખેતરમાં રહેતા પરિવારો અને ખેડૂતો સિંચાઈ વિભાગની અણઆવડતના ભોગે હાલાકી ભોગવી રહ્યા છે રસ્તા પર છાતી સમા પાણી

બાયડ, તા. ૧૮
બાયડ તાલુકાના ડેમાઈ ગામના દક્ષીણ દિશામાં ખેતર ધરાવતા ખેડૂતોમાંથી કેટલાક ખેડૂતો પરીવાર સાથે ખેતરમાં રહે છે. ગામમાંથી ખેતર જવાના રસ્તામાં પાણીના નિકાલ માટે યોગ્ય સુવિધાના અભાવે અને પાણીના નીકાલ માટે સિંચાઈ વિભાગ દ્વારા બનાવેલ સુપડી તળાવનું લેવલ રસ્તાથી ઉંચુ હોવાથી ખેડૂતો ચોમાસામાં ચાર મહીના ખેતી પણ કરી શકતા નથી તેમજ ખેતરમાં ઘર બનાવી રહેતા પરિવારના બાળકો પણ અભ્યાસથી વંચીત રહેતા હોવા છતાં જવાબદારતંત્રમાં વારંવાર લેખીત અને મૌખીક રજુઆત પણ જાણે તંત્રના બહેરા કાને અથડાઈ પરત ફરતી હોય ખેડૂતોમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે. ડેમાઈ ગ્રામ પંચાયત સરપંચ અને તલાટીને સમસ્યા અંગે લેખીત રજુઆત કર્યાને એક વર્ષ જેવો સમય થવા આવ્યો છતાં કોઈ નક્કર



કાર્યવાહી ન થતા ખેડૂતો ન્યાય માંગી રહ્યા છે.

ડેમાઈ ગામના દક્ષીણ દીશા તરફ ૩૫૦ વીઘાથી વધુ જમીન ધરાવતા ખેડૂતો ચોમાસુ શરૂ થતાની સાથે મુશ્કેલીઓ તૂટી પડે છે. ખેતરમાં જવા માટે એક માત્ર રસ્તા પર ચોમાસામાં કેડ સમા પાણી ભરાઈ રહેતા હોવાથી ખેતીથી પણ વંચિત રહે છે. ગામનું સિંચાઈ વિભાગ હસ્તક તળાવમાં અને આજુબાજુના ખેતરમાં જતા પાણી તળાવમાં આવતા તળાવ ઓવરફ્લો થતા નીકાલ માટે સુપડી તળાવ અને રસ્તાના પર ભરાતા પાણીના નિકાલ માટે યોગ્ય લેવલ ન હોવાથી ખેતરમાં પાણી ભરાઈ રહેતા ત્યાંથી પસાર થવાતું નથી કે ખેતી કામકાજ માટે બળદગાડું, વાહન કે ઓજાર પણ લઈ જવાતા ન હોવાથી ખેતીથી વંચીત રહેવું પડે છે.

ખેતરમાં મકાન બનાવી વસવાટ કરતા પરિવારોના ૩૦ થી વધુ બાળકો અને વિદ્યાર્થીઓ અભ્યાસ માટે શાળા કે કોલેજ જઈ ન શકતા હોવાથી અભ્યાસ પર પણ અસર થતી હોવાથી ખેડૂતોમાં રસ્તા પર ભરાઈ રહેતા પાણીના યોગ્ય નીકાલ માટે નક્કર કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.



એસડીએચ હોસ્પિટલ ખેડબ્રહ્મા ખાતે ઉત્કૃષ્ટ સેવાઓ આપનાર ડોકટર હિતેશભાઈ બ્રહ્મભટ્ટ superintendentનું સાંસદ રમીલાબેન બારા દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. છેલ્લા ત્રણ વર્ષથી SDH khedbrahma ખાતે superintendent તરીકે ફરજ બજાવતા ડો. બ્રહ્મભટ્ટ દ્વારા ચાર્જ સંભાળ્યો ત્યારથી ખેડબ્રહ્માની ટ્રાઈબલ વિસ્તારમાં આવેલી હોસ્પિટલને અદ્યતન સાધનો અને સર્વિસ દ્વારા ગરીબ દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. આ દવાખાના ઓપીડી આઈપીડી અને ઓપરેટીવ સેવાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ગરીબ દર્દીઓને ખેડબ્રહ્માના આંગણે ગુણવત્તાસભર સેવાઓ મળી રહે છે. ઈએનટી, સર્જીકલ, ઓર્થોપેડીક, માનસિક રોગ, dentist સેવાઓ, ડિલિવરી ૩૦૦ કરતા વધારે, લેબોરેટરીના ૩૩ કરતા વધારે testing, કોરોના દર્દીઓની સારવાર નિદાન એમ ઘણી પ્રકારની સેવાઓ ઉપલબ્ધ કરાવી છે. આ હોસ્પિટલ હાલ ૧૫૦ બેડની વ્યવસ્થા ધરાવે છે તે વધારીને ૩૦૦ બેડ સુધી કરવાના પ્રયત્નો આરંભી દીધા છે. આ હોસ્પિટલની સેવાઓ સાબરકાંઠા અને સ્ટેટ કક્ષાએ નોંધ લેવાઈ રહી છે. આવી ઉત્કૃષ્ટ અને પ્રશંશનીય સેવાઓ આપવા બદલ ડો. બ્રહ્મભટ્ટનું મા. રમીલાબેન બારા દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું છે.

### બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભામાં

# પથિકાશ્રમની જમીન કલેકટર કચેરી માટે આપવા સામે વિરોધ

કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની સામાન્ય સભા સોમવારે પંચાયતના સભા ખંડમાં



યોજાઈ હતી. જેમાં એજન્ડામાં લીધેલા મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જ્યારે પથિકાશ્રમની જગ્યા કલેકટર કચેરીને આપવા સામે વિરોધ કરતો ઠરાવ પસાર કરાયો હતો.

કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભા જિલ્લા પંચાયણ પ્રમુખ વારકીબેન પારધીના અધ્યક્ષસ્થાને અને ડીડીઓ અજય દહીંયાની ઉપસ્થિતિમાં સોમવારે પંચાયતના સભા ખંડમાં યોજાઈ હતી.

જેમાં ગત સાધારણ સભાની કાર્યસુચી ને વંચાણે લઈ જુદા-જુદા છ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં શિક્ષણ તેમજ સામાજીક ન્યાય સમિતીના કો.ઓપ્ટ સભ્યોની બહુમતી થી વરણી કરવામાં આવી હતી.

આ અંગે જિલ્લા વિકાસ અધિકારી અજય દહીયાએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠા જિલ્લા પંચાયત હસ્તકના પથિકાશ્રમને જિલ્લા કલેકટર કચેરીના બાંધકામ માટે આપવા કલેક્ટર કચેરીમાંથી પત્ર આવ્યો હતો. તે બાબતે બેઠકમાં ચર્ચા કરી તે જગ્યા જિલ્લા પંચાયત હસ્તક રાખવા બોર્ડમાં સર્વાનુમત્તે ઠરાવ કરવામાં આવ્યો હતો. અને જો અપીલમાં જવુ પડે તો પણ તૈયારી રાખવા નિર્ણય લેવામાં આવ્યો હતો.

## બનાસકાંઠામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નહીં

સરહદી બનાસકાંઠા જિલ્લામાં જ દિપાવલીના તહેવારો ટાણે વકરેલો કોરોનાનો પ્રકોપ ક્રમશ ધીમો પડ્યો હતો. ત્યારે સોમવારે કોરોનાનો એક પણ કેસ નોંધાયો ન હતો. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૪૧૩૭૫ર સ્થિર રહી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાએ રજા રાખતા એક પણ કેસ નોંધાયો ન હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, સોમવારે કોરોનાની ગેરહાજરી નોંધાતા કોરોનાનો એક પણ કેસ નોંધાયો ન હતો. કુલ ૩૫૬ સેમ્પલમાંથી એક પણ પોઝેટિવ કેસ નોંધાયો નથી.

# ડીસાના કંશારી નજીકથી અબોલ પાડો ભરેલી વેગનાર કાર ઝડપાઈ

### જીવદયાપ્રેમીની જાગૃતતાથી અબોલ એવા પાડાને નવજીવન

ડીસા, તા. ૧૮
ડીસા પંથકમાં અબોલ



જીવોની ગેરકાયદેસર રીતે મોટા પ્રમાણમાં હેરાફેરી થઈ રહી છે, જોકે જીવદયાપ્રેમીઓની જાગૃતાથી અનેક અબોલ જીવોને નવુજીવન પણ મળી રહ્યું છે, જોકે ગેરકાયદેસર અબોલ જીવો ની હેરાફેરી કરતા તત્વો હવે કાર જેવા ખાનગી વાહનોમાં પણ પશુઓ સતાડી લઈ જતા હોય છે. ત્યારે આવી જ એક વેગનકારમાં ચોરીછુપીથી લઈ જવાતો પાડો કશારી નજીકથી ઝડપાઈ આવતા પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.

આ સમગ્ર બનાવની પોલીસ ફરિયાદની વિગતોઅનુસાર ભોંયન ગોકુલનગર ખાતે રહેતા અને જેસીબી ચલાવતા ભરતભાઈ નારણજી વણજારાને ગતરોજ રવિવારે ખાનગી રાહે માહિતી મળેલ કે સિલ્વર કલરની વેગનાર જેનો નંબર જીજે૦૮એફ ૪૯૭૩માં એક સખ્સ પાડો ભરી ધાનેરા તરફથી આવી રહ્યો છે જેથી ભરતભાઈ પોતાનું બાઈક લઈ ધાનેરા ચાર રસ્તા તરફ ગયેલા અને ત્યાંથી કશારી જતા હતા તે દરમિયાન ઉપરોક્ત નંબરની વેગનાર આવતા તેમને થોભવવાનો પ્રયાસ કરતા ચાલકે ગાડી ભગાવેલ જોકે ભરતભાઈએ બાઈક લઈ ગાડીનો પીછો કરેલો જોકે થોડે આગળ ચૌધરી હોટલ નજીક આ વેગનાર ચાલક ગાડી મૂકી નાસી ગયો હતો. પરંતુ તપાસ દરમિયાન કારની પાછળની સીટ ઉપર ક્રૂરતાપૂર્વક એક પાડો બાંધેલો હતો જોકે આ મામલે ભરતભાઈ નારણજી વણજારાએ ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પશુઓ અંગે ક્રૂરતા પ્રતિબનધિત અધિનિયમનની કલમ હેઠળ ગુનો નોંધી કાર કબ્જે લઈને ફરાર સક્સની તપાસ હાથ ધરી છે.

## બનાસકાંઠાના નિવૃત વિદ્યુત કર્મીચારીઓ દ્વારા કલેકટરને આવેદનપત્ર અપાયું

### નજીવું પેન્શન મળતા જીવન નિર્વાહ મુશ્કેલ : સાતમા પગાર પંચ સહિત મેડીકલનો લાભ આપવા માંગ

પોતાની પડતર માંગણીઓ લઈને નિવૃત વિદ્યુત કર્મચારી મંડળ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી.



ગુજરાત વિદ્યુત બોર્ડમાં છેલ્લા ૩૦ થી ૪૦ વર્ષ ફરજ બજાવી સેવા નિવૃત થયેલા વિદ્યુત કર્મીઓને માસિક એક હજારથી ત્રણ હજાર પેન્શન મળે છે. જેથી અત્યારની મોંઘવારીના જમાનામાં જીવન જીવવું દુષ્કર બન્યું છે. નિવૃત વિદ્યુત કર્મીઓને નજીવું પેન્શન મળતું હોઈ તેઓને પરાવલંબી જીવન જીવવું પડે છે. ત્યારે નિવૃત વિદ્યુત કર્મચારી મંડળે આજે કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હોવાનું નિવૃત વિદ્યુત કર્મચારી મંડળ બનાસકાંઠાના પ્રમુખ ધીરસિંહ ઠાકોરે જણાવ્યું હતું.

નિવૃત વિદ્યુત કર્મચારીઓ દ્વારા સાતમા પગાર પંચના અમલીકરણ પછી તેના સંલગ્ન એલાઉન્સ અને મેડિકલ સહિતના લાભ આપવાની માંગ કરાઈ છે.

# લવ જેહાદ કેસમાં વિધર્મી યુવકના ચાર દિવસના પોલીસ રિમાન્ડ

### યુવતીના પિતાની ફરિયાદને આધારે યુવકને કોર્ટમાં રજૂ કરાયો હતો

પાલનપુર તાલુકાના ધાણધા ગામના વિધર્મી યુવકે ચાર વ્યક્તિઓની મદદથી ખોટા દસ્તાવેજો ઉભા કરી હિન્દુ યુવતી સાથે લગ્ન કર્યા હોવાની યુવતીના પિતા એ પૂર્વ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે વિધર્મી શખ્સની અટકાયત કરી કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાં ૧૪ દિવસના પોલીસ રિમાન્ડની માગણી કરી હતી. ત્યારે કોર્ટ દ્વારા ૪ દિવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બનાસકાંઠામાં લવજેહાદની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. તાજેતરમાં પાલનપુર તાલુકાના ધાણધા ગામના વિધર્મી યુવક દ્વારા ખોટા દસ્તાવેજો તૈયાર કરી હિન્દુ સમાજની યુવતી સાથે લગ્ન કરવામાં આવ્યા હોવાની ફરિયાદ યુવતીના પિતાએ પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. જેના રાજ્યભર ના હિન્દુ સંગઠનમાં ઘેરા પ્રત્યાઘાત જોવા મળી રહ્યા છે. જેથી બનાસકાંઠા હિન્દુ સંગઠન દ્વારા લવજેહાદનો કાયદો બનાવવા અગાઉ બે વખત જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા પોલીસ વડાને રજુઆત કરવામાં આવી હતી. તેમજ યુવતીને ઝડપથી શોધી કાઢવા માંગ કરી હતી.

જેથી પોલીસ દ્વારા વિધર્મી શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ શખ્સની અટકાયત કરી કોરાના રીપોર્ટ કરાવ્યા બાદ પાલનપુર પશ્ચિમ પોલીસ અને પૂર્વ પોલીસ સ્ટાફ દ્વારા ૧૪ દિવસ ના રિમાન્ડની માગણી કરી કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટ દ્વારા ૪ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા. જેથી વધુ તપાસ પશ્ચિમ પોલીસ મથકના પી.આઈ.કે. પી.ગઢવી ચલાવી રહ્યા છે.

## અરવલ્લીના મોડાસા ખાતે "સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ"નું ઉદદઘાટન

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરના હસ્તે સરકારી ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સને ખુલ્લુ



મુકવામાં આવ્યુ હતું. પ્રાસંગિક પ્રવચન કરતા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે જણાવ્યું હતું કે ચિલ્ડ્રન હોમની સ્થાપના કરવાથી કાયદાની સાથે સંઘર્ષમાં આવેલા બાળકોને જુવેનાઈલ જસ્ટિસ એક્ટ અંતર્ગત રક્ષણ પુરૂ પાડવાનું કામ કરવાની પક્રિયા ઝડપી બનશે. જેમાં રક્ષણની જરૂરીયાતવાળી અનાથ, નિરાધાર, આશ્રય રહિત, માતા-પિતા કે એકવાલી તેની સંભાળ રાખવા સક્ષમ ન હોય તેવા દિવ્યાંગ, ભીક્ષાવૃત્તિવાળા, બાળ લગ્ન કરાવેલ, બાળ મજુર, ગુમ થયેલ, શેરીમાં રહેતી, શોષિત, અસાધ્ય રોગથી પીડાતી, માનસિક બિમાર સહિતની બાળાઓના કેસની તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી તેમની કાળજી, સારવાર, શિક્ષણ, તાલીમ પુરી પાડવામાં આવશે.

## વાઘપુર પાસે બોલેરો જીપે બાઈકને ટક્કર મારી ઘસડતાં બાઈકચાલક યુવકનું કમકમાટીભર્યું મોત

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓની વણથંભી વણઝાર યથાવત જોવા મળી રહી છે. મેઘરજના વાઘપુર નજીક બોલેરો જીપે બાઈકને ટક્કર મારી બાઈકને ઘસેડતા બાઈક ચાલક યુવકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી. અકસ્માતની ઘટનાના પગલે યુવકના પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. ઈસરી પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહીતી અનુસાર મેઘરજના ગોધાવાડા મનીષ રમણલાલ અસારી નામનો ૨૫ વર્ષીય યુવક કામકાજ અર્થે બાઈક લઈને નીકળ્યો હતો. વાઘપુર ગામ નજીક બોલેરો જીપના ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી બાઈકને અડફેટે લેતા બાઈક બોલેરો જીપમાં ફસાઈ જતા બોલેરો ગાડીના ચાલકે બાઈકને



ઘસેડતા બાઈકચાલક યુવકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. બોલેરોજીપનો ચાલક અકસ્માત સર્જી જીપ લઈ રફુચક્કર થઈ ગયો હતો. અકસ્માતની ઘટનાના પગલે આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા. અકસ્માતની ઘટનાની જાણ મૃતકના પરિવારજનોને થતા દોડી આવ્યા હતા. અકસ્માતની ઘટનાના પગલે ઈસરી પોલીસ ઘટનાસ્થળે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## બનાસકાંઠામાં જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી પાલનપુરમાં કરાશે

આગામી પ્રજાસત્તાક પર્વ તા.૨૬મી જાન્યુઆરીએ જિલ્લાકક્ષાની ઉજવણી પાલનપુર મુકામે આવેલ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે શાનદાર રીતે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લા કલેકટર આનંદ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. કોવિડ-૧૯ની ગાઈડલાઈન સાથે ગરિમાપૂર્ણ રીતે રાષ્ટ્રીય મહાપર્વની ઉજવણી કરવામાં આવશે. મહાન રાષ્ટ્રિય પર્વની ઉજવણી સંદર્ભે પાલનપુર ખાતે કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેક્ટરે જરૂરી સુચના અને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે પ્રજાસત્તાક પર્વની ઉજવણી આનંદ, ઉત્સાહ-રાષ્ટ્રપ્રેમભર્યા માહોલમાં સરસ રીતે થાય તે માટે ઝીણવટભર્યુ આયોજન કરીએ. આ રાષ્ટ્રીય મહાપર્વમાં દરેક અધિકારીઓ અને કર્મચારીઓ ફરજીયાત ઉપસ્થિત રહે તે માટે કલેક્ટરે સુચના આપી હતી. પ્રસંગે સવારે ૯ કલાકે ધ્વજવંદન, પોલીસ પરેડનું નિરીક્ષણ, હર્ષ ધ્વની, વિશિષ્ટ કામગીરી કરનાર કર્મચારીઓ, રમતવીરો અને વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન, રાષ્ટ્ર ગાન સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે.

# મોડાસા સર્વોદય સહકારી બેંકમાં ચેરમેન ઈકબાલ હુસેન ઈપ્રોલીયાની પેનલનો દબદબો યથાવત

મોડાસા, તા. ૧૮
ગુજરાતમાં ઉત્તર ગુજરાત એ સહકારી ક્ષેત્રનો ગઢ ગણવામાં આવે છે. સહકારી ક્ષેત્રની પકડ



અરવલ્લી જિલ્લામાં વધારે જોવા મળે છે. મોડાસા શહેરની સહકારી ક્ષેત્રમાં આગવું મહત્વ ધરાવતી અને લઘુમતી સમાજની નાણાકીય સંસ્થા એવી ધી સર્વોદય સહકારી બેંકની ૫ વર્ષની મુદત પૂરી થતા રવિવારે ઈવીએમથી મશીનથી ચૂંટણી યોજાઈ હતી જેમાં ચેરમેન ઈકબાલહુસેન ઈપ્રોલીયાનો દબદબો યથાવત જોવા મળ્યો હતો. ૧૪ ઉમેદવારોનો ભવ્ય વીજય થતા ચેરમેનના સમર્થકોએ ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી વિજયોત્સવ મનાવ્યો હતો. ચેરમેન ઈકબાલ ઈપ્રોલીયા અને તેમની પેનલને શહેરીજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

મોડાસા શહેરની અગ્રણી સહકારી સંસ્થા ધી સર્વોદય સહકારી બેંકની રવિવારે મખદૂમ હાઈસ્કૂલમાં યોજાયેલ ચૂંટણીમાં ચેરમેન ઈકબાલહુસેન ઈપ્રોલીયા અને તેમની પેનલ પર સભાસદોએ વધુ એકવાર ભરોશો મુક્યો હતો અને તેમની પેનલનો ૪૧૫ મતે ભવ્ય વિજય થતા શહેરના અગ્રણીઓ અને સભાસદોએ અભિનંદન પાઠવ્યા હતા. ચૂંટણીના પગલે ચૂંટણી સ્થળે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

# ડીસામાં સંયુક્ત પેઢીના સમાધાન પેટે નાણાં ન આપી ઠગાઈ : બે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ

ડીસા, તા. ૧૮
ડીસામાં સંયુક્ત માલિકીની પેઢીમાં સમાધાન લેખ કરાવ્યા બાદ નાણાં નહીં આપ્યાં હોવાની ફરિયાદ નોંધાવા પામી છે. શહેરની એક ટ્રાન્સપોર્ટ પેઢી ફરીયાદીના પિતા અને આરોપીના માતાની સંયુક્તિથી ચાલતી હતી. જે બાદમાં ફરીયાદીના પિતા છુટ્ટા પડતાં સપુર્ણ હવાલો સામાવાળા વ્યક્તિએ રાખ્યો હતો. જે બાદમાં તકરારને અંતે સમાધાન લેખ કરાવ્યો હતો. જેમાં આરોપીઓએ ફરીયાદીને ૧૧,૫૧,૦૦૦ ત્રણ વર્ષમાં આપી દેવાનુ નક્કી કરી નોટરી કરાવાઈ હતી. જોકે આરોપીએ ૩ વર્ષ બાદ નાણાં નહીં આપતાં તેમને નોટીસ આપવામાં આવી હતી. આમ છતાં પણ આરોપીઓને નાણાં નહીં આપતાં છેવટે ફરીયાદીએ આરોપી અને સમાધાન લેખના સાક્ષી સામે છેતરપિંડીની ફરીયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા શહેરની જયભારત સોસાયટીમાં રહેતાં સુરેશકુમાર પુરોહિત વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ડીસાના ગાંધી ચોકમાં આવેલ મિલ્કત આકારણી નં-૦૯/૪૨૫ જેનો નવો આકારણી નંબર ૪૬૮૧ છે. આ મિલ્કત પ્રકાશ ટ્રાન્સપોર્ટ ફરીયાદીના પિતા અને આરોપીના માતાના નામે સંયુક્તિથી ચાલતી હતી. આ તરફ ફરીયાદીના પિતા સંયુકત માલિકીથી અલગ થયા બાદ તેમનો કોઈ હક્ક ન રહ્યો હોઈ આરોપી અને ફરીયાદી વચ્ચે આ મામલે તકરાર થઈ હતી. જે બાદમાં આગેવાનોએ મળી બંને વચ્ચે સમાધાન કરાવતાં આરોપીએ ફરીયાદીને ત્રણ વર્ષમાં ૧૧,૫૧,૦૦૦ આપવા તેવો સમાધાન લેખ નોટરી કરાવવામાં આવ્યો હતો.